# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૭ બાર જાસુસો (ગણના અધ્યાય ૧૩-૧૪)

દરેક વ્યકિતને પોતાનાં પ્રમાળ મા બાપ અથવા મિત્રો તરફથી કોઈ ને કોઈ સમયે ભેંટ મળે છે. ભટની વ્યાખ્યા આપીએ તો ભેટ તે આપવામાં આવતો પગાર નથી. ભેટનો ખરો આનંદ તો તેને ખોલવામાં તથા તેમાં શું રહેલું છે તો જોવામાં રહેલો છે. ભેટની સાચી કિંમત તો પાછળથી જ સમજાય છે. એ કેટલુ વિષમ છે કે, જયારે આપણે જાણીએ કે, આ ભેંટ દુરથી આવેલી છે કે જે આપણે પોતે પ્રાપ્ત કરી શકયા ન હોત. આજનાં પાઠમાં આપણે શીખીશું કે, સ્વર્ગીય દેવ તરફથી તેમને જગ્યા આપવામાં આવેલી છે તો પણ એ વિશ્વાસ તેઓ કરી શકયા નહિ કે તેઓને તે મળશે.

જયારે ઈસ્રાએલીઓ કનાન દેશની સરહદે કાદેશ નામનાં સ્થળે પહોંચ્યા ત્યારે દેવે મુસાને કહયું "દરેક કુળોમાંથી તું એક એક અધિકારી લે કે જેઓ તે દેશ વિશેની ભાળ મેળવે." આથી મુસાએ બાર વ્યકિતઓને પસંદ કર્યા અને તેમને નેગેવની ખીણમાં થઈને પર્વતોમાં થઈને કનાનની જાસુસી કરવા કહયું. તેણે સુચના આપી કે, પાછા ફરતા તમે તે દેશનાં લોકો, ત્યાંની જમીન, ત્યાંના વૃક્ષો, ત્યાંના શહેરો વગેરેની માહિતી મેળવીને મારી પાસે લાવો. તેણે એ પણ સુચના આપી કે, પાછા ફરતા તેઓ તે જમીનમાં ઉગતા કંઈક ફળો લઈન આવે. ત્યારે લોકોએ દક્ષિણથી મુસાફરી શરૂ કરીને ઉત્તર તરફનાં રેહોબ સુધી લગભગ ૪૦૦ કિ.મી. સુધીની મુસાફરી ૪૦ દિવસમાં કરી અને પરત ફર્યા. જયારે તેઓ પાછા ફર્યા ત્યારે તેઓ બે દ્રાક્ષનાં બે મોટા લુમખાને એક થાંભલા પર ખભે લટકાવીને લાવ્યા તેમજ એશ્કોલની ખીણમાંણી અંજીર તથા દાડમ પણ લાવ્યા. જયારે તેઓએ પોતાની માહિતી મુસાને આપી ત્યારે બાર પૈકી દસ જણાએ કહયું કે, "તે સાચુ છે કે તે જ જગ્યા દુધ અને મધથી રેલમછેલ છે પરંતુ ત્યાંના લોકો પહાડી અને સશકત છે વળી તેઓ ઉંચી દિવાલોવાળા ગઢમાં શહેરોમાં રહે છે." તેઓનાં આ શબ્દો ઈશ્વર પરનો અપુરતો વિશ્વાસ તથા નકારાત્મકતા વાળી તેમજ સામાન્ય બાબતોને મોટી દર્શાવતા હતા કે જેથી લોકો ડરીને નાહિંમત થઈ જાય. પરંતુ તેઓમાંના બે જેના નામ કાલેબ તથા યહોશુઆ હતા તેઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો. તેઓએ જણાવ્યું કે, "ચોકકસ પણે આપણે તે જગ્યાનો કબજો લેવો જોઈએ અને આપણે તે કરી શકીશું." આમ કહે તા તેઓએ બીજા દસને શાંત કર્યા. બીજા દસે વિરોધ કરતા કહયું કે, "ના, તેઓ પર આપણે ચઢાઈ કરી શકતા નથી તેઓ આપણા કરતા કદાવર અને સશકત છે. આપણે તો તેઓ સામે તીડનાં જેવા છીએ."

જયારે ઈસ્રાએલીઓએ આ નકારાત્મક પ્રતિભાવ સાંભળ્યો ત્યારે તેઓ ડરી ગયા અને રડયાં. તેઓ દેવે કરેલા ઉપકારોને તથા ચમત્કારોને ભુલી ગયા. તેઓએ મુસા તથા હારૂનની

વિરૂધ્ધ કચકચ કરી અને કહયું, ''કાં તો અમને મિસર અથવા અરણ્યમાં મરવા દે. શા માટે દેવે અમને આ લોકોની તલવારોથી મારી નાખવા ધાર્યુ છે. અમારી પત્નીઓ તથા છોકરાઓ તેઓ માટે લુંટરૂપ થશે. અમ એક નવા સરદારને ઠરાવીશું અને ફરી પાછા મિસર જઈશું. જયારે મુસા તથા હારૂને તેઓને એમ કહેતા સાંભળ્યા ત્યારે લોકો સમક્ષ તેઓએ પોતાનું માથુ જુકાવ્યું.

ત્યારે યહોશુઆ તથા કાલેબે લોકોની વચમાં દોડી જઈને પોતાનાં લૂગડાં ફાડીને પોકારી ને કહયું, ''જે દેશની જાસૂસી અમે કરી તે દેશ અતિ ઉત્તમ દેશ છે અને દુધ– મધની રેલમછેલ વાળો દેશ છે અને દેવે તે આપવાનું વચન આપણને આપ્યું છે માટે દેવની વિરૂધ્ધ બળવો ન કરો. ડરો નહિ આપણે તે લોકોને ગળી જઈશું. તેઓનું રક્ષણ જતુ રહયું છે પણ યહોવા દેવ આપણી સાથે છે. (ગણના ૧૪:૬–૯).

આ સમયે સર્વ લોકોએ યહોશુઆ તથા કાલેબને પથ્થરે મારવાનું વિચાર્યુ. અચાનક જ દેવનો મહિમા મુલાકાત મંડપ ઉપર દેખાયો. દેવે મુસાને કહયું, ''આ લોકો મને કયાં સુધી તુચ્છકારશ ? કયાં સુધી તેઓ મારા પર વિશ્વાસ રાખશે નહિ ? મિસરમાં જે સર્વ ચિન્હો કર્યા તે સર્વ તેઓએ જોયા છે. હવે હું તેમને મરકીથી મારીશ. પણ તારાથી હું તેઓનાં કરતા મોટી તથા બળવાન દેશ જાતી ઉત્પન્ન કરીશ.

ફરી એક વખતે મુસાએ ઈસ્રાએલી પુત્રો માટે મધ્યસ્થી કરી અને કહયું, ''જો તું આ લોકોને મારી નાખશે તો જે લોકોએ જોયુ છે કે તું તેમને મિસર દેશમાંથી કાઢી લાવ્યો છે, પણ તેઓને વચનનાં પ્રદેશમાં લઈ જઈ શકયા નથી તેઓનાં પાપ માફ કરવા દ્વારા તારુ સામર્થ્ય બતાવ. ફરીથી હે દેવ, તું દર્શાવ કે તું કોપ કરવે ધીમો પણ કૃપા કરવામાં ઉતાવળો છે અને તું તેઓનાં પાપ તથા વિદ્રોહને માફ કર.'' ત્યારે ફરી દેવે કહયું કે, ''જેમ તે કહયું તેમાં મેં તારુ સાંભળ્યુ છે. બધા માણસોએ મારુ ગૌરવ ન મિસરમાં તથા અરણ્યમાં મારા ચમત્કારો જોયા છતાં દસ વખત પરિક્ષા કરી છે તેઓ જે દેશ આપવાનાં મેં તેઓનાં બાપ દાદાની આગળ સમ ખાધા છે તે નહિ જ દેખશે. જેઓએ મને તુછકાર્યો તેઓમાંનો કોઈ તે જોઈ શકશે નહિ. હું તઓને ફરીથી અરણ્યમાં મોકલુ છું. ને જેઓ દુષ્ટ છે તેઓ ૪૦ વર્ષ સધી અરણ્યમાં જશે ત્યાં સુધી કે તેઓમાંના મોટા ભાગનાં મરશે. જે લોકો ૨૦ વર્ષનાં કે તેથી વધુ ઉંમરનાં કોઈ પણ તે દેશ જોવા પામશે નહિ. સીવાય કે મારા સેવકો કાલેબ તથા યહોશુઆ. તેઓ પૂર્ણ હૃદયથી મારી પાછળ ચાલ્યા છે તેઓજ કનાન દેશનો વારસો પામશે. ઈસ્રાએલ પ્રજાનાં પુત્રો પણ તે દેશમાં જશે.

જે દસ માણસો નકારાત્મક માહિતી સાથે પાછા આવ્યા તેઓ પર આપત્તિ આવી અને માર્યા ગયા. ઈસ્રાએલીઓની આખી જમાત અત્યંત દુઃખી થઈને રડી. બીજે દિવસે સવારે લોકો એ કહયું, ''હવે અમે જાણ્યુ છે કે, અમે પાપ કર્યુ છે. યહોવાએ આપેલા દેશમાં અમે હવે જઈશું.' ' મુસાએ કહયું, ''શા માટે તમે યહોવાની આજ્ઞાને તોડો છો. તમે સફળ થશો નહિ. તમે પહાડ

પર ન જાઓ કેમકે, યહોવા દેવ તમારી સાથે નથી. તમે તમારા શત્રુથી માર ખાશો અને તરવાર થી પડશો." તો પણ પોતાની માન્યતામાં તથા અભિમાનમાં દેવની ઈચ્છા વિરૂધ્ધ કનાન દેશનાં ઉંચા પર્વતો પર તેઓ ગયા અને જેમ મૂસાએ કહયું હતું તેમ ત્યાં રહેલા કનાનીઓ તથા અમાલેકીઓને હાથે તેઓ હાર્યા. ઘણાઓને મારી નાંખવામાં આવ્યા અને બેરહેમીથી ઘણાઓ નો પીછો થયો.

આથી ઈસ્રાએલીઓ ફરી પાછા અરણ્યમાં આવ્યા અને ૪૦ વર્ષો વિતાવ્યા. મિસરમાંથી આવેલા ૨૦ વર્ષનાં કે તેથી વધુ ઉંમરનાં દરેક લોકો અરણ્યમાં માર્યા ગયા. સિવાય કે યહોશુઆ અને કાલેબ કે જેઓમાં જુદો આત્મા હતો અને તેઓએ દેવ પર વિશ્વાસ રાખ્યો હતો તેઓ જ પ્રવેશ કરી શકયા. દેવ તેઓની સાથે હતો અને પોતાનાં સેવક મુસાને તે દોરવણી આપતો હતો. આ વર્ષો દરમિયાન દેવે તેઓને રોજ ભોજન પુરુ પાડયું તેમજ તેઓના કપડા ફાટી ગયા નહિ અને તેઓનાં જોડાં તૂટી ગયા નહિ.

આ વાત એ મહત્વની બાબત દર્શાવે છે કે, "લોકોનાં અધુરા વિશ્વાસને કારણે દેવ તરફ થી મળતો આશીર્વાદ મેળવવામાં વિલંબ થાય છે." ઘણાંઓનો અભિપ્રાય કદાચ મંડળી નાં લોકોનો પણ અભિપ્રાય, એ સાચો ન હોઈ શકે અથવા દેવને પસંદ પડે તેવો ન હોઈ શકે, તેવું બની શકે છે. આ વાતમાં એ સચ્ચાઈ રહેલી છે કે, જેઓ સંપુર્ણ હૃદયે ઈશ્વર પર વિશ્વાસ રાખે છે તેઓને દેવનાં આશીર્વાદો પ્રાપ્ત થાય છે. એ આશીર્વાદો કે જેઓએ પહેલા વિચાર્યા પણ ન હોય.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ શા માટે બાર માણસોને કનાન દેશમાં મોકલવામાં આવ્યા ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "દેવે મુસાને કહયું કે, તેમને તે દેશની જાસુસી કરવા મોકલો"- તો તમે સાચા છો.

પ્ર.૨ જે દસ વ્યકિતઓ નકારાત્મક માહિતી લાવ્યા તેને લીધે ઈસ્રાએલી લોકોનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "જયારે ઈસ્રાએલીઓએ નકારાત્મક માહિતી સાંભળી ત્યારે તેઓ ડરી ગયા" - તો તમે સાચા છો.

પ્ર.૩ કોણે લોકોને દેવ પર વિશ્વાસ કરવા તથા વિશ્વાસી પ્રતિભાવો આપવા ઉત્તેજન આપ્યું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "યહોશૂઆ અને કાલેબ"- તો તમે સાચા છો.

પ્ર.૪ દેવનાં સામર્થ્ય પર અવિશ્વાસ રાખતા કે જેથી તેમને કનાન દેશ પ્રાપ્ત થાય એવા અવિશ્વાસી ઈસ્રાએલી લોકોને શું પરિણામ ભોગવવું પડયું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "જે કોઈ ૨૦ વર્ષનાં કે તેથી વધુ ઉંમરનાં હતા તેઓ કનાન દેશમાં જઈ શકયા નહિ"- તો તમે સાચા છો.

જેઓએ આ વાત કદી સાંભળી નથી તેઓને જણાવો અને પછી પુછો "વિશ્વાસીઓને માટે તમારી દૃષ્ટિમાં આ વાતમાં કઈ સચ્ચાઈ જોવા મળે છે." તેઓની સાથે વિચાર વિમર્શ કરો અને માર્ગદર્શન આપતા જણાવો કે, ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં કે બીજાઓની જુઠ્ઠી દોરવણીમાં આવવા કરતા દેવ પર વિશ્વાસ રાખવો તે સાર,છે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.